ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

થયા છે ધાંધા, 'એ' ચૂંટણીને જ રસી સમજે છે,
નેતાઓ નક્કી, લોકોને જ ગુનેગાર સમજે છે,
સમજે છે, ફેલાય છે ચેપ રોજંદાર મજૂરો!!
દેખાય ન કૈં, મમતા ને જ 'કોરોના' સમજે છે!!
(સત્તા પાછળ અંધ નેતાશ્રી)

**હાઈકુ**

ખટકે આંખે -
ને આવે નહીં ઊંઘ!
મમતા-'તૃણ!'
(તૃણમૂલનાં ઊંડા મૂળ)

લોકડાઉન!
હશે 'મરજીયાત'!!
પોલીસ લઠ!!
(થશે કડક અમલ)

### ચિંતન

**સોઽરિષ્ટ ન મરિષ્યસિ ન પરિષ્યસિ મા વિભેઃ ।**
**ન વૈ તત્ર મ્રિયન્તે નો યન્ત્યધમં તમઃ ॥**

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

તું મૃત્યુના ભયથી મુક્ત થઈ જા. તું નહિ મરે, તું નહિ મરે કેમ કે તું અધમ - અજ્ઞાનરુપી અંધકાર તરફ ન જતાં જ્ઞાનના આલોકમાં (આત્મ જ્ઞાનમાં) નિવાસ કરે છે, તું ત્યાં નહીં મરે.

અહીં આશ્વાસન આપતાં ઋષિ કહે છે કે તું તને મૃત્યુના ભયથી મુક્ત કરું છું. મૃત્યુ બે-પગવાળા કે ચાર પગવાળા પ્રાણીઓને અધિપતિ છે. અમે તમે અમર આત્મજ્ઞાન દ્વારા મૃત્યુથી ઉપર ઉઠાવીને છીએ જેથી તું મૃત્યુના ભયથી મુક્ત બની જાય.

'તું પરીક્ષામાં નાપાસ નહિ થાય' એવું એક શિક્ષકનું એક આશ્વાસન, 'તમને કંઈ થવાનું નથી, તમે ઝડપથી સાજા થઈ જશો.' એવું ડોકટરનું આશ્વાસન, 'જો... બેટા!! તારો વાળ વાંકો નહિ થાય' એવું માનું આશ્વાસન સો ઔષધોની ગરજ સારે છે. જિંદગીમાં આવાં વિધાનો આપણા આત્મવિશ્વાસ તો વધારે જ છે અને આપણને જીવવાની પ્રેરણા પણ આપે છે.

માણસ મરણથી નહિ, મૃત્યુના ભયથી વધારે ડરે છે. શેક્સપિયરે 'જુલિયિસ સિઝર' નામના નાટકમાં કહ્યું છે કે 'કાયર એના મૃત્યુ પહેલાં સો વાર મરી ચૂક્યો હોય છે.'

### સુવિચાર

- મૂલ્યોનો કોઈ અભ્યાસક્રમ નથી, આચરણથી જ મૂલ્યો બને છે - **જીવન પાથેય**
- પ્રકૃતિ મુજબ સુખ અને હુન્નરનો અનુભવ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંતોષ કોઈ આશ્વાસ નથી, નબળાઈ નથી, એક પ્રબળ શક્તિ છે - **મોરારિ બાપુ**
- જીવન હશે તો કોઈ દી' જીવન બની જશે, દિલમાં યકીન રાખ, યકીનન બની જશે,
  આવ્યો છે ખાલી હાથ, જવાન છે ખાલી હાથ, ધનવાન કયાં હતો કે તું નિર્ધન બની જશે? - **શયદા**
- આપણને પરિસ્થિતિ જેવી હોય તેવી નહીં,
  પણ આપણે જેવા હોઈએ તેવી દેખાય છે - **ક્રિષ્ણકાંત ઉનડકટ**
- યૌવન, ધનસંપત્તિ, સ્વામિત્ય અને અવિવેક મનુષ્યને અનર્થ કરવા પ્રેરે છે - **પરિત્રાણ**
- આજનું ઔષધ : લેસનગ્રાસ ટીનું સવાર-સાંજ દૂધમાં અથવા ચામાં નખીને ગરમ ગરમ પીવાથી કફ-શરદી-તાવમાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પોતાની ભૂલ હોવા છતાં પોતના અહમ કે મિથ્યાભિમાનને કારણે નમતું ન જોખતા અનેક વ્યક્તિ માટે આ સત્ય ઘટના દિવાદાંડી સમાન છે. હાલના ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન કેનબરા વિસ્તારના એક ગુગોન્ગ ગ્રામ્ય વિસ્તારમાં મુલાકાતે ગયા હતા. કોરોનાની મહામારી સામે ત્યાંના ગામડાના લોકો માટે કોઈ વિશેષ સહાયની જાહેરાત કરવા માંગતા હતા. આ જાહેરાત માટે કોઈ મંચ, કે કોઈ મોટી પત્રકાર પરિષદ કે ન કોઈ પ્રચાર પ્રસાર. એક ઘરની બહાર તાજા ઉગેલા ઘાસમાં ઉભા રહી તેમણે પ્રેસને સંબોધન શરુ કર્યું. વડાપ્રધાન જે ઘરની બહાર ઊભા હતા તે મકાન માલિક બહાર આવ્યો. એણે વડાપ્રધાનને પોતાના ઘરના ઘાસમાં ઊભેલા જોયા. સામાન્યતઃ આપણાં ઘરની બહાર કોઈ નેતા કે મોટો માણસ આવે તો આપણે હર્ષઘેલા થઈ જઈએ છીએ. પણ પેલા ઘર માલિકે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેમને કહ્યું, 'મહાશય તમે મારા ઘરના નવા ઉગાડેલા ઘાસમાં ઊભા છો... અહીંથી બહાર નીકળો...!!' સાવ સ્તબ્ધ બની જવાય એવું આવું અપમાન શું કોઈ સહન કરી શકે? અને તે પણ વડાપ્રધાન કક્ષાની વ્યક્તિ?? પરંતુ સ્કોટ મોરિસન તરત જ જાણે પોતાની ભૂલ સમજી ગયા હોય એમ ઘાસની બહાર નીકળી ગયો. અને તરત પેલા ઘર માલિક પાસે પોતાના ભૂલની માફી માંગી અને સાવ રસ્તાની ફુટપાથ પર જઈ પત્રકારોને સંબોધન કર્યું. પોતાનું અપમાન કરનાર અને તેમના ઘરમાંથી બહાર કાઢનાર વ્યક્તિ પ્રત્યે સહેજ પણ વેરભાર રાખ્યા વિના તેનો આભાર પણ વ્યક્ત કર્યો.

# ચીન-રશિયા-પાકિસ્તાનની દોસ્તી ચિંતાજનક

**તંત્રીસ્થાનેથી...**

આખી દુનિયા કોરોનાના ભરડામાં છે છતાં સત્તાની સાઠમારી અને નવાં સામરિક સમીકરણો રચાતાં જ રહે છે. અમેરિકામાં સત્તાપલટો થયા પછી વિદેશનીતિમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. રાષ્ટ્રપતિ બાઈડેન વિરુદ્ધ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપવાનો આક્ષેપ તો રશિયાના સર્વોચ્ચ નેતા પર થતો જ રહ્યો છે. બાઈડેને પણ પુતિન માટે અપશબ્દની વ્યાખ્યામાં આવે એવી ભાષા વાપરી હતી. દાયકાઓથી અમેરિકા અને રશિયા વચ્ચે શીતયુદ્ધ ચાલતું રહ્યું છે. અમેરિકાએ સોવિયેટ રશિયાના ટુકડા કરાવવામાં અગ્ર ભૂમિકા ભજવી હતી તે કોઈથી અજાણ્યું નથી. ગોર્બાચોવ અને યેલ્તસીનના સત્તાકાળ દરમિયાન સોવિયેટ રશિયા વિભાજિત થઈ ગયું હતું એટલું જ નહીં, મહાસત્તા તરીકેની ઓળખ ગુમાવી દઈ સાવ નાદાર બની ગયું હતું. યુક્રેન સહિત કેટલાક પ્રદેશોને સ્વતંત્ર રાષ્ટ્રો તરીકેની માન્યતા મળી ગઈ હતી. આજે એ જ યુક્રેનની સરહદો પર પુતિનનું રશિયા સેનાની બટાલિયોનો ખડકી લઈ વિશ્વયુદ્ધ જેવી પરિસ્થિતિની પીઠિકા રચી રહ્યું છે. યુરોપના દેશોને રશિયાની આ સૈન્ય કાર્યવાહી સામે સખત વાંધો છે. અમેરિકાએ પણ જરૂર પડ્યે યુક્રેનની મદદમાં લશ્કરી સહાય પૂરી પાડવાની તૈયારી દર્શાવી છે. ભારેલા અગ્નિ જેવી સ્થિતિમાં મહામારી અને મહાયુદ્ધ સમાંતરે ચાલે તો નવાઈ નહીં. આશ્ચર્યજનક ઘટના લેખે રશિયાના વિદેશમંત્રીએ પાકિસ્તાનની મુલાકાત લઈ એની સાથે શસ્ત્રોનો સોદો કરવાની પહેલ કરી છે. રશિયાના વલણમાં આવેલું આ પરિવર્તન સૂચક છે. અગાઉ કયારેય રશિયાએ ભારત વિરોધી વલણ નહોતું અપનાવ્યું. એને વૈશ્વિક શક્તિઓના સંતુલન માટે ભારત સાથે મૈત્રી રાખવાનું જ ગમતું રહ્યું છે. ભારત પાકિસ્તાનનાં યુદ્ધો વખતે રશિયા ખુલ્લંખુલ્લાં ભારતની સાથે રહ્યું હતું. ભારતને ન ગમે એવો શસ્ત્ર સોદો પાકિસ્તાન સાથે કરીને રશિયાએ ભારતની અમેરિકા સાથેની 'દોસ્તી'ને જ પડકારી છે. બદલાયેલાં વૈશ્વિક સમીકરણોમાં હવે ચીન-રશિયા-પાકિસ્તાનની નવી ધરી ઊપસી રહી છે. ભારતને એકલું અટૂલું પાડી દેવાની પાકિસ્તાન અને ચીનની ચાલને રશિયા પણ સમર્થન આપતું થઈ ગયું છે જેનું પ્રત્યક્ષ પ્રમાણ પાકિસ્તાન સાથેની રશિયાની શસ્ત્રોની સોદાબાજી છે. રશિયા કયારેક અફઘાનિસ્તાન પર અડિંગો જમાવીને બેઠું હતું. તાલેબાનના ઉદય પછી રશિયા તરફી અફઘાનિસ્તાન એકસો એંશી ડિગ્રી ફરીને અમેરિકાનું ખંડિયું બની ગયું હતું. હવે જયારે અફઘાનિસ્તાનમાંથી અમેરિકા ઉચાળા ભરી રહ્યું છે અને ઈસ્લામિક આતંકવાદી તત્ત્વોને અફઘાનિસ્તાનમાં ભારતનો પગપેસરો પણ કઠી રહ્યો હતો. અફઘાનિસ્તાન પર ફરી એક વાર વર્ચસ્વ જમાવવા મથતું રશિયા હવે ચીન અને પાકિસ્તાનને પડખે રાખીને આગળ વધવા માગે છે. બદલાયેલાં વૈશ્વિક સમીકરણોમાં અમેરિકા અને ભારતની મૈત્રી વિરુદ્ધ ચીન-રશિયા-પાકિસ્તાનની ત્રિપુટી આગામી સમયમાં કેવો પડકાર ઊભો કરે છે તે જોવું રસપ્રદ બની રહેશે. ચીન રશિયાની મૈત્રી અમેરિકા સામે મોટી સમસ્યા તરીકે ઊપસી રહેવાની શક્યતા નકારી શકાય એમ નથી.

# મત્સ્યનારાયણ અને સત્યવ્રત

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



ચૈત્ર સુદ ત્રીજનો દિવસ હતો.

રાજા સત્યવ્રત નદીમાં ઊતર્યા. આ નદી કૃતમાલા. એના કિનારે એનું રાજય. પરંતુ હવે રાજાને વાનપ્રસ્થ લઈ લીધું હતું. નદી કિનારે પત્નીની સાથે પર્ણકુટિમાં રહે. રાજા પરમ ધાર્મિક અને સાત્ત્વિક. જળ એ જ એમનું જીવન. આહાર ન લે. પોતે સૂર્યના માનસપુત્ર.

એ નદીમાં સ્નાન માટે ઉતર્યા. પછી સૂર્યને અંજલિ આપવી હતી. હથેલીમાં જળ લીધું. પરંતુ ખોબામાં પાણીની સાથે નાનકડી માછલી આવી ગઈ. રાજાએ તરત પાણીમાં છોડી દીધી. પરંતુ માછલીએ વિનંતી કરી કે મારું સરખું રક્ષણ થાય. એટલે તમારી પાસે મને રાખી લો.' રાજાએ એને લઈને પોતાનાં કમંડળમાં મૂકી.

હવે રાજાના આશ્ચર્યમાં વધારો થતો ગયો. માછલીનું કદ વધી ગયું. એટલે કે કમંડળ ભરાઈ ગયું. કમંડળમાંથી લીને રાજાએ ઘટમાં મૂક્યું ત્યાં પણ કદ વધી ગયું; એટલે કુંડમાં મૂક્યું. પછી તળાવમાં કદ વધતું જ જાય. અંતે આ મહામત્સ્યને સમુદ્રમાં ઉતારી દીધો.

હવે રાજાને ખ્યાલ આવી ગયો. 'કાંઈક અચરજ છે.' એણે આ વિશાળકાય મત્સ્યને પ્રમાણ કર્યા. અને કહ્યું - 'પ્રભુ ! મને ખબર પડી છે. તમો કોઈ સાધારણ માછલી નથી. તમે સ્વયં ભગવાન નારાયણ છો. ચોક્કસપણે લોકના ઉદ્ધાર અર્થે મત્સ્યનો અવતાર લીધો છે.'

મત્સ્યે કહ્યું, 'તારી વાત સાચી છે. મને તારા માટે પ્રેમ છે. તને એક સારા કાર્ય માટે નિમિત્ત બનાવવો છે. આજથી બરાબર સાતમે દિવસે મહાન જળપ્રલય થવાનો છે. સમગ્ર સૃષ્ટિનો અન્ન થઈ જશે. પરંતુ ત્યાર પછી નૂતન સૃષ્ટિનું મંડાણ થશે. વિસર્જન પછીની સર્જન પ્રક્રિયામાં તું નિમિત્ત બનીશ. પરંતુ તારે હું જે સૂચનાઓ આપું. એનું અક્ષરશઃ પાલન કરવાનું છે.' સત્યવ્રતને સૂચના આપીને, મત્સ્યનારાયણ અદૃશ્ય થઈ ગયા.

આ સાત દિવસમાં ભગવાન બીજું કામ કર્યું. હયગ્રીવ અસુર હતો. ગ્રીવાની ઉપર અશ્વનું મસ્તક હતું. એણે વેદોનું અપહરણ કર્યું હતું. વિષ્ણુએ એનો વધ કર્યો. વેદો. પ્રજાપિતા બ્રહ્માને પાછા સોંપી દીધા.

સમુદ્રકિનારે સત્યવ્રત પાસે એક વિશાળ નૌકા આવી. રાજાએ એણાં સૌપ્રથમ સપ્તર્ષિઓને બેસાડ્યા. એમાં બધી ઔષધિઓ અને વનસ્પતિઓનાં બીજ મૂક્યા. દરેક પ્રાણીઓનાં નર અને માદાને બેસાડ્યા. અંતે સત્યવ્રત પોતે પોતાની પત્ની સાથે બેસી ગયા . અને નૌકા છૂટી મૂકી દીધી.

ખરેખર પ્રલણકાલ આવી ગયો. ધોધમાર વરસાદ પડે. આકાશ અને ધરતી એકાકાર થઈ ગયા. સમુદ્રમાં પાણી ઊંચે સુધી ઊછળ્યા. બધું જળબંબાકાર થઈ ગયું. બધે માત્ર અને માત્ર જળ જ.

ત્યાં વિશાળકાય સોનેરી રંગ્યા મત્સ્યનારાયણ પ્રગટ્યા. એના મસ્તકે એક શૃંગ હતું. સત્યવ્રતે વાસુકિ નાગને આમંત્રણ આપ્યું. નાગે મસ્તકથી શૃંગ પકડ્યું. પૂછથી નૌકા બાંધી. મત્સ્યે સૌ કોઈને બચાવી લીધા. નૌકા આગળ વધી. હિમાલયના ઉત્તર શિખરે નૌકા લાંગરી લીધી. પોતે અદૃશ્ય થઈ ગયા. જળ ઓસરવા લાગ્યા.

નવસર્જનનો શુભ આરંભ થયો. નૌકા દ્વારા સંગૃહીત સામગ્રીઓ અને વનસ્પતિઓ દ્વારા નવી સૃષ્ટિનાં મંડાણ થયા.



# સલ્તનત યુગમાં ગુજરાતનું સૌથી સમૃદ્ધ બંદર કયું હતું?

ખજાનો
અનિલ પટેલ



### વિજ્ઞાન જગત

૧ મહંમદ બેગડાના રાજયની રાજધાની કઈ હતી ?
(અ) અમદાવાદ (બ) જૂનાગઢ
(ક) પાટણ **(ડ) ચાંપાનેર**

૨ સોલંકી વંશની સ્થાપના કોણે કરી ?
(અ) ભીમદેવ સોલંકી **(બ) મૂળરાજ સોલંકી**
(ક) સિદ્ધરાજ સોલંકી (ડ) કર્ણદેવ સોલંકી

૩ સલ્તનત યુગમાં ગુજરાતનું સૌથી સમૃદ્ધ બંદર કયું હતું ?
(અ) દમણ (બ) ઓખા
(ક) દીવ **(ડ) ખંભાત**

૪ આઝાદી પછી ગુજરાતનું કયું દેશી રજવાડું ભારતમાં જોડાવા માંગતુ ન હતું?
(અ) જામનગર (બ) કચ્છ
**(ક) જૂનાગઢ** (ડ) મોરબી

૫ સયાજીરાવ ગાયકવાડે સૌપ્રથમ કયા સ્થળે મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રયોગ કર્યો હતો?
**(અ) અમરેલી** (બ) આણંદ
(ક) વડોદરા (ડ) વિદ્યાનગર

૬ હીરા ભાગોળની વાવ કયા સ્થળે આવેલી છે?
(અ) પાટણ **(બ) ડભોઈ**
(ક) ખંભાત (ડ) વડનગર

૭ ગુજરાતના અશોક તરીકે કયા રાજવીને ઓળખવામાં આવે છે?
(અ) ભીમદેવને (બ) સિદ્ધરાજ જયસિંહને
**(ક) કુમારપાળને** (ડ) વનરાજ ચાવડાને

૮ ગિરનારનું પૌરાણિક નામ શું હતું ?
(અ) આનર્ત (બ) શર્યાતિ
(ક) લાટ પ્રદેશ **(ડ) રૈવતક**

૯ ગુજરાતના કયા સુલતાનને શાહજહાં સાથે સરખાવવામાં આવે છે?
(અ) મહંમદ બેગડાને (બ) અહેમદશાહ પ્રથમને
**(ક) મુઝફ્ફરશાહ પ્રથમને** (ડ) કુત્બુદ્દીન શાહને

૧૦ મહાત્મા ગાંધી દ્વારા કોચરબમાં સ્થાપવામાં આવેલ આશ્રમનું શું નામ રાખવામાં આવ્યું હતું ?
**(અ) સત્યાગ્રહ** (બ) અહિંસા
(ક) હરિજન (ડ) અસહકાર

૧૧ ગુજરાતનું નામ શેના પરથી પડ્યું ?
(અ) ગુર્જર નરેશો **(બ) ગુર્જર જાતિ**
(ક) ગુજરાતી ભાષા (ડ) ગુર્જર સ્થાપત્ય શૈલી

૧૨ વાઘેલા વંશના પતન માટે કોણ જવાબદાર હતું ?
**(અ) માધવમંત્રી** (બ) વસ્તુપાળ
(ક) કુમારપાળ (ડ) તેજપાળ

૧૩ ગુજરાત રાજયનું ઉદ્ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?
(અ) ઉછરંગબાઈ ઢેબર **(બ) રવિશંકર મહારાજ**
(ક) ઈન્દુલાલ યાજ્ઞિક (ડ) જીવરાજભાઈ મહેતા

૧૪ જૂનાગઢમાં દાતારના ડુંગર પર કોની દરગાહ છે ?
(અ) ઈમામ શાહ (બ) હસનપીર
**(ક) જમિયતશા પીર** (ડ) ઈસાપીર

૧૫ સ્વામી દયાનંદ સરસ્વતીએ કયા પુસ્તક દ્વારા ભારતમાં ક્રાંતિ ફેલાવી હતી ?
(અ) સાવિત્રી (બ) ગીતાંજલિ
(ક) બ્રહ્મસૂત્ર **(ડ) સત્યાર્થ પ્રકાશ**

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૯ એપ્રિલ :
  - પદ્મભૂષણ સન્માનિત સાહિત્યકાર રાહુલ સાંકૃત્યાયનનો જન્મદિવસ (૧૮૯૩)
  - સ્વામી રામદાસની જન્મજયંતિ (૧૮૮૪)
  - અમેરિકાએ સદ્દામ હુસેનને પરાસ્ત કરવા બગદાદ પર કબજો મેળવ્યો (૨૦૦૩)
  - ચાર્લ્સ પ્રિન્સ ઓફ વેલ્સના કેમીલા પારકર સાથે લગ્ન કર્યા (૨૦૦૫)
- ૧૦ એપ્રિલ :
  - સાહિત્યકાર વર્ષા અડાલજાની જન્મજયંતિ (૧૯૪૦)
  - એમ-૮૭ નામની ગેલેક્ષીમાં આવેલ બ્લેક હોલની તસ્વીર ખગોળશાસ્ત્રીએ રજૂ કરી (૨૦૧૯)
  - હેલીનો ધૂમકેતુ પૃથ્વીની ખુબ જ નજીક આવ્યો (૧૯૮૬)
- ૧૧ એપ્રિલ : રાષ્ટ્રીય જનની સુરક્ષા દિવસ
  - મહાન વનસ્પતિ શાસ્ત્રી લ્યૂથર બર્બેકનું નિધન (૧૯૨૬)
  - પ્રસિદ્ધ ગાયક કુન્દલાલ સાયગલનો જન્મદિવસ (૧૯૦૪)
  - ગાંધીજીના પત્ની કસ્તુરબાનો જન્મ દિવસ (૧૮૬૯)
  - મહાન ગણિતશાસ્ત્રી એન્ડ્યુ જોન વિલ્સનનો જન્મદિવસ (૧૯૦૪)
- ૧૨ એપ્રિલ : વિશ્વ ઉડ્ડયન અને અવકાશ દિવસ
  - અમેરિકાના ત્રણવાર રાષ્ટ્રપ્રમુખ રહ્યા તેવા ફ્રેન્કલીન ડી રૂઝવેલ્ટનું નિધન (૧૯૮૫)
  - અમેરિકાના નાસા સંસ્થાએ પ્રથમ સ્પેશ શટલ કોલંબિયાની ઉડાન ભરી (૧૯૮૧)
  - ચિલીનું જાણીતું બંદર વાલવારાઈમોમાં જંગલની આગ પ્રવેશતાં તબાહી સર્જાઈ (૧૯૮૫)
  - હોરાલ્ડ વોશિંગ્ટન પ્રથમ આફ્રીકન અમેરીકન નાગરિક શિકાગોના મેયર તરીતે ચૂંટાયા (૧૯૮૩)
- ૧૩ એપ્રિલ : જલીયાવાલાં બાગ હત્યાકાંડ દિવસ
  - પંજાબના જલીયાવાલા બાગમાં બ્રિટીશ સૈનિકોએ ગોળીવાર કરી અનેકને મોતને ઘાટ ઉતાર્યા (૧૯૧૯)
  - અમેરિકાના ઘડવૈયા અને યશસ્વી પ્રમુખ થોમસ જેફરસનનો જન્મદિવસ (૧૭૪૩)
  - જર્મન સાહિત્યકાર અને નોબેલ પારિતોષિક વિજેતા ગુન્ટર ગ્રાસનું અવસાન થયું (૨૦૧૫)
  - ગાંધી મૂલ્યોના વરેલા રાજનેતા રતુભાઈ અદાણીનો જન્મદિવસ (૨૦૧૪)
- ૧૪ એપ્રિલ : ડૉ. આંબેડકર જયંતિ
  - ગુલામોના મુક્તિદાતા અબ્રાહ્મ લિંકનનું નિધન (૧૮૬૫)
  - બ્રિટીશ એકટ્રેસ જુલી ક્રિષ્ટીનો જન્મદિવસ (૧૯૪૧)
  - અમેરિકન પ્રોફેશનલ બેઝબોળ પ્લેયર પેટે રોસનો જન્મદિવસ (૧૯૪૧)
  - મોર્ડન અમેરિકન આર્કીટેક લુઈસ સુલીયાનનું અવસાન (૧૯૨૪)
- ૧૫ એપ્રિલ :
  - ટાઈટેનિક જહાજ દુર્ઘટના દિવસ (૧૯૧૨)
  - હિમાચલ પ્રદેશની નવા રાજય તરીકે રચના થઈ (૧૯૪૮)
  - ફ્રેન્ચ નવલકથાકાર અને નાટ્યકાર જીન-પૌલનું અવસાન (૧૯૮૦)
  - આચાર્ય વિનોબા ભાવેએ ભૂદાન આંદોલનની શરુઆત કરી (૧૯૫૦)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં કઈ પ્રસિદ્ધ કેનાલમાં જહાજ ફસાઈ જતા ટ્રાફિક જામ થયો હતો?

જવાબ : સુએઝ કેનાલ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) કાર્તિકેય એચ ભટ્ટ : સે-૨ (૨) રાજેશ બી પટેલ : સે-૨ (૩) ધ્રુવ ડી પંચાલ : સે-૨૪ (૪) રૂજિત રાવલ : સે-૭ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં મહારાષ્ટ્રના કયા નેતાએ ગૃહમંત્રી પદેથી રાજીનામું આપ્યું ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'વોટ્સ એપ' પર વિવેકી થવામાં મજા કે સજા??

## 'હાલ કૈસા હૈ (બીમાર) જનાબ કા?' પૂછનારાઓ કયારેક કરી દે છે વધુ બીમાર?

હળવે હૈયે
પ્રકાશ લાલા



'વિવેક તે ભલમનસાઈનો જમાનો જ નથી !' એક પરિચિતે ફરિયાદ કરી.

'કેમ એમ ? વિવેક કરવો તો સારી વાત કહેવાય ને ભલમનસાઈ સદ્ગુણ છે !'

'હા... પણ આજકાલ એ બતાવવામાં જોખમ છે...' એ પરિચિત ભાઈએ બળાપો ચાલુ જ રાખ્યો.

'કેમ, એવો તે શો કડવો અનુભવ થયો તમને?' અમે એમની વાત ન સમજાતાં પૂછ્યું...

'શું કહું, ભાઈ... એક જણે મને મારા 'વોટ્સએપ' પર એમની લખેલી કવિતા મોકલી... એ કોઈ કવિ કે લેખક નહીં પણ કાંઈક લખી નાખેલું તે મોકલેલું.. મને થયું કે કંઈ કોમેન્ટ કરીને એમનું દિલ શું કામ દુખાડવું તે મેં... 'લાઈક' કર્યું.' 'હં... તો ?' 'બીજે દિવસે એમણે એવી જ ઢંગધડા વગરની સ્વરચિત બે કવિતાઓ મોકલી આપી... મેં પાછો વિવેક દાખવ્યો ને 'સરસ' લખ્યું... તો બે દિવસ પછી પાછી આવી એમની એવી જ કવિતા.... સાથે લખેલું કે 'તમે જ મારી કવિતાને સમજી શકો છો... કદર કરો છો.... આભાર... હું તમને મારી રચનાઓ નિયમિત મોકલતો રહીશ.... બોલો, છે વિવેક કે ભલમનસાઈ બતાવવાનો જમાનો?'

'વાત તો સાચી છે તમારી! અરે બીજા એક કિસ્સામાં, હુ સંગીતની સંસ્થા ચલાવું છું તે જાણતા, એક જણે પોતાના સહન ન થાય તેવા અવાજમાં, સૂર-તાલના ઠેકાણા વગરનું ગીત ગાઈને રેકોર્ડિંગ મને 'વોટ્સએપ' કર્યું... એમાંય મેં મન મોટું રાખીને 'સરસ' ને 'લાઈક' કર્યું તો એ ભાઈ તો પાછળ જ પડી ગયા કે તમારી સંસ્થાના પ્રોગ્રામમાં મને બે-ત્રણ ગીતો ગાવા બોલાવજો... મારે એમને હવે એમ કહેવું કે અમારે કાર્યક્રમમાં શ્રોતાઓને સંગીત માણવા બેસાડી રાખવાના હોય છે, ભગાડી મૂકવાના નથી હોતા કે તમને ગવડાવીએ !!''

'તમારી વાત સાંભળીને લાગે છે કે રૂબરૂમાં નહીં પરંતુ 'વોટ્સએપ'ને બીજા સોશિયલ મીડિયા ઉપર તો વિવેકી થવામાં કે ભલમનસાઈ બતાવવામાં જરાય ડહાપણ નથી જ... અને સાચું પૂછો તો આજકાલ આપણી પાસે 'અસત્યના પ્રયોગો' આ સોશિયલ મીડિયા જ કરાવે છે ને?' 'હેં ? હા...'

●●●

'કાકા, કેમ છે હવે ?'

કોરોનામાં સંપડાયેલા અંકલની ખબર પૂછવા અમે ફોન કર્યો...

'સારું છે હવે... રીકવર થઈ ગયો છું પણ....' 'પણ શું, અંકલ ? અશક્તિ હશે, નહીં ?'

'એ તો ઠીક છે, ભાઈ... એને તો પહોંચી વળાય... પણ આ દિવસોમાં લોકોએ ખબર પૂછવાના બહાને પોન ઉપર આપેલા ત્રાસથી માનસિક રીતે થાકી ગયો છું.' અકળાયેલા કાકા ઉવાચ...

'અંકલ, લોકો ફોન તો કરે જ ને... તમારા માટે જીવ બળતો હોય એટલે ખબર પૂછે એ સ્વાભાવિક છે.'

અમે અંકલને શાંત પાડવા કહ્યું... 'ખબર પૂછીને ફોન મૂકી દે એનો વાંધો નહીં પણ આ તો જેવી ખબર પડી કે હું કોરોના સંક્રમિત થયો છું કે નજીકના - દૂરના સગા-વ્હાલાં, પરિચિતોએ ફોન ઉપર 'કાકા, તમને કેમ કરતાં કોરોના થઈ ગયો? કયાં ગયા હતાં ? આવામાં બહાર જવાતું હશે, સાચવવું જોઈએ ને... સિરિયસ છે કે માઈલ્ડ છે? કયાં સૂવો છો? કાકી અલગ રુમમાં સૂવે છે ને? કોની દવા ચાલે છે? જમવાનું શું કરો છો? આમાં તો બહુ ધ્યાન રાખવું પડે નહીં તો...' એવા એવા પ્રશ્નોને મારો ચલાવીને મારી રીતસરની ખબર જ લઈ નાખતા હતા... અલ્યા ભઈ, મને કેમ કરતાં થયો એની જાણ હોત તો હું થવા દેત, હેં ? ને અમને ખબર નહીં હોય કે કોરોનાવાળાએ અલગ રૂમમાં રહેવું પડે ! પૂછે ખરા કે જમવાનું શું કરો છો પણ કોઈ કહે નહીં કે હું ટિફિન આવી જઈશ. બોલો, પછી ત્રાસ થાય કે ના થાય ?

'એ ખરું... બને તો કેમ છો ? જલ્દી સાજા થઈ જાવ તેવી શુભેચ્છા' કહી વાત બંધ કરવી જોઈએ કે પછી એવો મેસેજ મૂકી દેવો જોઈએ !'

'હાસ્તો.... પણ આ તો એવા એવા પ્રશ્નો પૂછે ને ઈન્કવાયરી કરે કે લાગે જાણે 'મેડિકલ ઈન્સ્પેકશન ટીમ' તપાસ માટે આવી છે...'

'એ તો સમજ્યા પણ ફોન કરીને શું ખાવું, કંઈ દવા લેવી, કપૂર સૂંઘજો, સૂંઠવાળું ગરમ પાણી જ પીજો, નાસ લેવાનું ભૂલશો નહીં, ઊંધા સૂઈ રહેજો, વધારે તકલીફ થાય તો તરત હોસ્પિટલાઈઝ થઈ જજો વગેરે વગેરે સલાહ સૂચનો આપનારા કે 'વોટ્સએપ' પર રીતસરનો ધોધ વહાવનારા ઓછા ન હતા. આ બધામાં શું કરવું ને કોન કહેલું કરવામાં મૂંઝાઈ ને ગૂંચવાઈ જતો હતો.

વળી, એણની વાતો સાંભળીને થાય કે સાક્ષાત ડબલ્યુ.એચ.ઓ - વર્લ્ડ હેલ્થ ઓર્ગેનનાઈઝેશનના નિષ્ણાંતો આવી પહોંચ્યા છે કે અમારી ચિંતા કરનારા આ બધાએ જાણે કોરોના ઉપર પી.એચ.ડી ડૉકટરેટ કર્યું છે... ઘણીવાર તો મનમાં થાય કે અમારા આ 'શુભેચ્છકો' અમારા ફિઝિશિયન ડૉકટરથી પણ વધુ હોંશિયાર - જાણકાર - અનુભવી છે... ત્રાસ તો એ થાય કે ફોન કરનારા અલગ અલગ અને જવાબ દેનારા - સાંભળનારો હું એક!!

'હોય... અંકલ... સંસાર છે ચાલ્યા કરે.' અમે સાંત્વના આપી... તો અંકલ ઉકળને બોલ્યા : 'ચાલ્યા કરે નહીં, આ બધું તો પેશન્ટને વાગ્યા કરે!!'

'રાઈટ... લાગે છે હેલ્થ ડીપાર્ટમેન્ટ દ્વારા કોરોના અંગેની ગાઈડલાઈનમાં 'શું કરવું ? શું ના કરવું ?' દર્શાવાય છે. એમાં : 'કોરોના પેશન્ટને સલાહો ન આપવી' એવો ઉમેરો કરવો જોઈએ.